પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
ભવન, અઠવાલાઇન્સ પોલીસ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામું ::

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું જાહેરનામું

**ક્રમાંક: એસ.બી/ CCTV કેમેરા / ૧૪ / ૨૦૨૪**

આગામી દિવસોમાં વિવિધ તહેવારો અનુસંધાને તેમજ તાજેતરમાં ગુપ્તચર એજન્સીઓ દ્વારા અન્ય રાજ્ય સહિત ગુજરાતમાં પણ આંતકવાદી સંગઠનો તરફથી ખતરાની શક્યતા વ્યક્ત કરેલ છે. તે ઉપરાંત ભુતકાળમાં આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તથા મિલ્કતની જાનહાની કરવામાં આવેલ. ગુપ્ત સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતા ભવિષ્યમાં પણ રહેલી છે.

ઉપરાંત સુરત શહેરમાં વિભિન્ન પ્રકારના લુંટ, ધાડ જેવા ગુનાઓ બનતા હોય છે. જાહેર સ્થળોએ લગાડવા આવેલ સી.સી.ટી.વી કેમેરા આંતકવાદી પ્રવુતિઓ તેમજ ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તથા ઇન્વેસ્ટીગેશનમાં ઉપયોગી અને મહત્વની કડીરૂપ બને છે. જેથી પુરતા પ્રમાણમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

## :: હુ ક મ ::

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ- ૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

**સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ નીચે મુજબની તમામ જગ્યાએ સી,.સી.ટી.વી. ગોઠવવાના રહેશે.**

(૧) તમામ બેંકો/ગેર બેન્કીંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર/ રાખનાર દુકાનદારો તથા શો રૂમો.

(૨) શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ-રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, સામાજીક તથા ધાર્મીક પ્રસંગો યોજાતા તમામ પાર્ટી પ્લોટો/અતિથિગૃહો ,જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો.

(૩) મોબાઇલ ટાવર તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔધોગિક એકમો, તથા ટોલપ્લાઝા, પેટ્રોલ પંપ, ડીઝલપંપ તથા ગેસ ફીલીંગ સ્ટેશનો તેમજ, નાના- મોટા ધંધાના માલીકો/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે

(૪) મોટા ધાર્મિક સ્થળોના પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ કે અવર-જવર હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ, તથા તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્પષ્ટ દેખાય તે રીતે સી.સી.ટી.વી કેમેરા લગાડવાના રહેશે.

(૬) સોસાયટીઓ તેમજ રહેણાંક વિસ્તારોમાં અંદર તથા બહારના ભાગે સી.સી.ટી.વી કેમેરા લગાડવાના રહેશે.

સી.સી.ટી.વી કેમેરા હાઇડેફીનેશન/ નાઇટવિઝન ધરાવતા સીસીટીવી કેમેરા માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવી રીતે ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વીના રેર્કોડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/વહીવટકર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરા લગાવવા તથા સીકયુરીટી ગાર્ડની વ્યવસ્થા

E:\ALL JAHERNAMA - 2024\14- CCTV- camera -.doc1

હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખ થી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ એકમો શરૂ કરવાના રહેશે.

## -:: સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી ::-

(૧) કોઇપણ જગ્યાની અંદરના ભાગ સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહાર ના ભાગે, બેઝમેન્ટ /ભુતલ પાર્કીગ એરીયા,તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનોની અવર-જવર ને સ્પષ્ટ રીતે જોઇ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨- મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પ્લેક્ષને મોલના માલીક/ સંચાલકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવર નું રેકોડીંગ થઇ શકે તે પ્રમાણે ના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઇલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જયારે જયારે મોલની માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેરબદલી અંગેની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનના પો.ઇ.શ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચેકીગ થવું જરૂરી છે. મોલમાં કોઇ કાયદાની પ્રતિબંધિત માલસામાન, સ્ફોટક પદાર્થો આવી જતા નથી. તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થા સંચાલકોએ કરવાની રહેશે.

(૧૧) મોલમાં મોલ માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઇએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવાજોઇએ. મોલની સુરક્ષા ૨૪X૭ કલાક જાળવવામાં આવેતે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે પણ સી.સી.ટીવી. કેમેરાનું રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઇટ વિઝન અથવા આઇ.આર.હાઇડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટીવી. કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર જ્યારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઇ શકે તેમાટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

## :: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૨૩/૦૧/૨૦૨૪ ના ક.૦૦/૦૦ થી તા.૨૨/૦૩/૨૦૨૪ ના ક.૨૪/૦૦** સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: <u>જાહેર વિજ્ઞપ્તિ</u> ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ :- ૨૦/૦૧/૨૦૨૪ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક સુરત શહેર.
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧,૨ તથા ક્રાઇમ સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત)
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત. (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)